# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

❖ **બી.એડ., એમ.એડ., એમ.એસ.સી, એમ.એસ.ડબ્લ્યુ, એમ.આર.એસ., અને પી.જી.ડી.એમ.એલ.ટી. ડિગ્રીની ઓફલાઈન રાઉન્ડ અંગે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજો માટેની સૂચના :**

1) શૈક્ષણિક વર્ષ : 2024-25 માટે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં ચાલતા B.Ed, M.Ed, M.Sc, M.R.S, M.S.W અને P.G.D.M.L.T અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીની કેંન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા બે રાઉન્ડમાં ઓનલાઇન પ્રવેશ આપ્યા બાદ પણ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં ખાલી રહેલ બેઠકો પર ઓફલાઈન રાઉન્ડમાં વિધાર્થીઓએ પસંદ કરેલ યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ ના મેરીટમાં જ તે વિધાર્થીઓનું નામ જોવા મળશે અને તે મુજબ પ્રવેશ આપી શકાશે.

2) વિધાર્થીઓ GCAS પોર્ટલ પર એપ્લિકેશન કરેલી હોય અને જે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે પરંતુ તે વિધાર્થીએ તે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ પસંદ કરેલ નથી તેવા તમામ વિધાર્થીઓને ઉપરોક્ત દર્શાવેલ મુદ્દા નંબર 1 મુજબ પ્રવેશ આપ્યા બાદ જે તે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં ખાલી રહેલ બેઠક પર "All Student Merit" મુજબ પ્રવેશ આપી શકાશે. યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજો દ્વારા તારીખ **15 થી 16 જુલાઈ 2024** સુધીમાં વિધાર્થીઓની અરજી સ્વીકારી તે તમામ અરજીનું સ્વમેળે મેરીટ તૈયાર કરી વિધાર્થીઓને પ્રવેશ માટે જાણ કરવાની રહેશે. **18 જુલાઈ 2024** સુધીમાં તે બાકી રહેલ સીટો પર પ્રવેશ પૂર્ણ કરવાના રહેશે. All Student Merit મુજબ પ્રવેશ આપવા માટે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજો એ admission.ngu.ac.in પર લોગીન કરીને "All Student Merit" મેનુ પર ક્લિક કરીને પ્રવેશ આપવાનો રહેશે.

3) દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોએ યુનિવર્સિટી એકેડેમિક વિભાગ દ્વારા જે તે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ માટે મંજુર કરેલ બેઠક પર જ પ્રવેશ આપવાના રહેશે.

4) દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોને પ્રવેશ અંગે કોઈ પણ સમસ્યા જણાય તો હેલ્પલાઇન નંબર : 8511582709 પર સંપર્ક કરવાનો રહેશે.

5) તા.૦૬/૦૭/૨૦૨૪ ના રોજ અગ્રસચિવશ્રી શિક્ષણ અને માન.કુલપતિશ્રીઓની ઓનલાઈન બેઠકમાં નક્કી થયા મુજબ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જગ્યા ખાલી રહેતી હોય તો વિદ્યાર્થીઓ પાસેથી રૂા. ૩૦૦/- રજીસ્ટ્રેશન ફી મેળવી નિયમોનુસાર ઓફલાઈન પ્રવેશ આપવાનો રહેશે, અને આવા વિદ્યાર્થીઓનો ડેટા GCAS પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. જે અંગેનું વિગતવાર માર્ગદર્શન હવે આપવામાં આવશે.

6) રજીસ્ટ્રેશન ફી યુનિવર્સિટી/GCAS દ્વારા સૂચવવામાં આવે તે ખાતામાં જમા કરાવવાના રહેશે.

❖ **ઓફલાઈન રાઉન્ડ અંગે વિધાર્થીઓ માટે અગત્યની સૂચના.**

➢ શૈક્ષણિક વર્ષ : 2024-25 માટે વિધાર્થી જે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ નો સંપર્ક કરવાનો રહેશે.

## સમય પત્રક

| ક્રમ | માહિતી | તારીખ |
|---|---|---|
| 1 | GCAS પોર્ટલ પર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ માટે જે તે કોર્ષ માટે એપ્લિકેશન કરેલી હોય અને જે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે પરંતુ તે વિધાર્થીએ તે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ પસંદ કરેલ હોય કે ના હોય તેવા તમામ વિધાર્થીઓની પ્રવેશ માટે અરજી સ્વીકારવી. | **15 જુલાઈ 2024 થી 16 જુલાઈ 2024** |
| 2 | યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ દ્વારા પ્રવેશ માટે વિધાર્થીની સ્વીકારેલ અરજીનું મેરીટ તૈયાર કરવું અને વિદ્યાર્થીઓને જાણ કરવી. | **16 જુલાઈ 2024** |
| 3 | યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ દ્વારા પ્રવેશ અંગે તૈયાર કરેલ મેરીટ મુજબ પ્રવેશ આપવા. | **17 જુલાઈ 2024 થી 19 જુલાઈ 2024 સાંજે 6:00 વાગ્યા સુધી.** |